ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૨-૨૦૧૫, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

ભાજપને લાલબત્તી, કોંગ્રેસનાં સૂપડાં સાફ

દિલ્હીમાં મોદીના જાદુને બદલે કેજરીવાલનું ઝાડું ચાલ્યું, એ ઘટના દુનિયાભરમાં ભારતીય રાજકારણમાં અને મતદારોમાં આવેલા શાણપણનું આંખ ઉઘાડનારું ઉદાહરણ છે. આ જ ચૂંટણી સાત મહિના અગાઉ કે લોકસભાની ચૂંટણીની સાથે જ કરાવાઇ હોત તો આજે જે સ્થિતિમાં આમ આદમી પાર્ટી આવી છે એ જ જાહોજલાલી કેસરિયા પાર્ટીમાં જોવા મળત. લોકસભાની ચૂંટણીમાં તમામ બેઠકો પર વિજય પતાકા ફરકાવનાર ભારતીય જનતા પાર્ટી એ સમયે ૪૬ ટકા મતો લઇને ત્રેંસટ વિધાન સભાની બેઠકોમાં મોખરે રહી હતી. પોતાને નસીબદાર ગણાવતા નરેન્દ્ર મોદીની કુંડળીમાં કમનસીબીનો યોગ લખાયો હશે અને પોતાને આખી દુનિયા કરતાં મૂઠી ઊંચેલા પ્રતિમા 'સેલિબ્રીટી' ગણીને વેંત અદ્ધર ચાલતાં મેગસેસે પુરસ્કાર વિજેતા કિરણ બેદીને કિસ્મતની દેવી લપડાક મારવાની રાહ જોઇને બેઠી હશે. જો એમ ન હોત તો ગત લોકસભાની ચૂંટણી પછી એક-બે મહિનામાં ચૂંટણી આપીને વિચક્ષણ રાજપુરુષ મોદી દિલ્હીને આસાનીથી એમના ગજવામાં સેરવી શક્યા હોત. કોંગ્રેસ માટે તો હવે લોઢાના પાયે સાડાસાતી બેઠી છે એટલે મેડમ સોનિયાની હયાતીમાં રાજકુંવરને રાજતિલક થવાની સંભાવના બહુ જ ઓછી બચી છે. કોંગ્રેસને પરિવાર પાર્ટીનું લેબલ લાગ્યું છે. રાહુલને અબુધ બાળક ગણાવનારા સાચા ઠર્યા છે. પ્રિયંકાની પૂંઠળ રોબર્ટ વાડરાનો બિહામણો પડછાયો છે. જ્યાં સુધી આ પરિવારના ઓછાયા હેઠળ રહેશે ત્યાં સુધી કોંગ્રેસ બેઠી થઇ શકે તે વાતમાં માલ નથી. કોંગ્રેસમુક્ત ભારતનું સપનું સાકાર કરવામાં કેજરીવાલે મોદીને આ ચૂંટણી સ્વરૂપે અમૂલ્ય ભેટ ધરી છે, એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. ભાજપની એક વરસ પહેલાંની તેત્રીસ ટકા મતબેંક સો ટકા સલામત રહી છે. એની બેઠકો નથી આવી એનું કારણ આમ આદમી પાર્ટીની મતબેંકમાં કોંગ્રેસ તરફી પડેલા મતો ઉપરાંત પાયાના કાર્યકરોની નારાજગી છે. આમ આદમી પાર્ટીએ કોંગ્રેસને નવરી કરી મુકી છે. ૭૦ પૈકી ૬૩ કોંગ્રેસી ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી છે. આ ડિપોઝીટ ગુમાવનારાઓમાં જેમને રાહુલ બ્રિગેડ દ્વારા દિલ્હીની વિધાનસભાનો જંગ જીતવાની જવાબદારી સોંપાઇ હતી તે અજય માકનનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસને માત્ર નવ ટકા જેટલા મતો જ મળ્યા છે. હવે આ સ્થિતિ આગામી ચૂંટણીઓ દરમિયાન બિહાર અને ઉત્તરપ્રદેશમાં પણ રિપીટ થવાની પૂરી સંભાવના છે. આમ આદમી પાર્ટીના વિજયથી ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત પ્રાદેશિક પાર્ટીઓને પણ બોધપાઠ મળ્યો છે. પ્રાદેશિક નેતાઓએ સામે ચાલીને ટેકો આપ્યો ત્યારે પણ કેજરીવાલ અને અન્ય 'આપ' નેતાઓએ સ્પષ્ટ રીતે કહ્યું હતું કે અમે કોઇને ટેકો માગેલ નથી. એનો અર્થ એ કે આગામી વર્ષોમાં જ્યાં પણ ચૂંટણીઓ આવશે ત્યાં આમ આદમી પાર્ટી એની પોતાની રીતે 'એકલો જાને રે' વાળી કૂટનીતિ અપનાવશે. એ એક એવી જવાળા છે જે દરેકને ઓછાવત્તા પ્રમાણમાં દઝાડશે. કોંગ્રેસના વિકલ્પ તરીકે ઊપસવાની ક્ષમતા વિકસાવતાં 'આપ પાર્ટી'ને વર્ષો લાગી જશે, કારણ કે દિલ્હી એ હિન્દુસ્તાન નથી.

મેક ઈન ઈન્ડિયા પર સ્માર્ટ વીલેજ મોડલ

સેકટર-૨૨ સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ખાતે નિજાનંદ ૨૦૧૫ સમાહની ઉજવણી ચાલી રહી છે ત્યારે આજે ઉજવણીના ત્રીજા દિવસે મેક ઈન ઈન્ડિયા વિષય પર સ્પર્ધાઓ યોજાઈ હતી. દેશના વડાપ્રધાને મેક ઈન ઈન્ડિયાનું સૂત્ર આપી વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા આહવાન કર્યું છે. ત્યારે ડિપ્લોમાંના વિદ્યાર્થીઓએ સ્માર્ટ વીલેજનું મોડલ રજુ કર્યું હતું. તેમજ દિવસ દરમિયાન કબડ્ડી-ચેસ, બેડમિંટન અને ખો-ખો જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી.

લેકાવાડા ઓમકાર સ્કૂલમાં કાયદાની સામાન્ય સમજ વિષય પર પરિસંવાદ યોજાયો

બાળકોએ કલમ-૩૭૦ની માહિતી તજજ્ઞ પાસેથી મેળવી

ગાંધીનગર, તા. ૧૧

આપણો દેશ સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. દેશના દરેક નાગરિકને અધિકાર આપ્યો છે. પરંતુ દરેક માનવી પોતાના અધિકારો જ્ઞાનના અભાવના કારણે પ્રાપ્ત કરી શકતો નથી. ત્યારે લેકાવાડા સ્થિત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'કાયદાની સામાન્ય સમજ' પર પરિસંવાદ યોજાયો હતો.

લેકાવાડા ખાતે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં આજે બુધવારે મુનિદ્રભાઈ જોષી, પૂર્વ આચાર્ય લો-કોલેજની અધ્યક્ષતા હેઠળ કાયદાની સમજ વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૪ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓને ભારતીય સંવિધાન અને કાયદાકીય બાબતોની સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં જોષીને બાળકોએ પોતાના મનમાં રહેલા સવાલો કર્યા હતા. ખાસ કરીને બાળકોએ કલમ ૩૭૦ શુ છે તેની માહિતી સવાલ દ્વારા મેળવી હતી. આપણા દેશમાં કાયદા ખુબજ છે, પરંતુ કાયદાના શિક્ષણના અભાવના કારણે દેશનો નાગરિક પોતાના અધિકારથી વંચિત રહી જાય છે ત્યારે દેશના ભાવિ માટે આ પરિસંવાદ ખુબ જ મહત્વનો ગણાશે.

સેક્ટર-૨૯ જલારામ મંદિરે મહાશિવરાત્રી ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૧

શહેરના સેક્ટર-૨૯માં આવેલ જલારામ મંદિર ખાતે આગામી ૧૭મીના રોજ મહાશિવરાત્રીનું પર્વ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે.

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા સેક્ટર-૨૯માં આવેલ જલારામ મંદિર ખાતે રાજયના દરેક તહેવારોને ધામધુમપૂર્વક મનાવવામાં આવે છે. ત્યારે આગામી તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવશે. સવારે ૭.૦૦ વાગે શિવપૂજન કરાશે. તેમજ સવારે ૧૧.૩૦ વાગે જીતેન્દ્રકુમાર સેજાણી નિવાસસ્થાન પ્લોટ નં. ૧૮૧/૧ તિરૂમાલા એપાર્ટમેન્ટ ખાતેથી ધજાયાત્રા નીકળશે. જે સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે પહોંચી ધજા રોહણ કરાશે. બપોરે ૧૨.૦૦ વાગે મહાઆરતી યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નગરની જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે.

વિધાનસભા ભવનની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૧

સેકટર-૨૩ની એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ૨૫૦ વિદ્યાર્થીનીઓ અને ૮ શિક્ષકોએ વિધાનસભા ભવનની મુલાકાત લીધી હતી. બાળકોને શાખા અધિકારી દ્વારા વિધાનસભાનો ઈતિહાસ તેમજ ગૃહની કાર્યવાહી સહિતની જાણકારી આપવામાં આવી હતી.

કાગધામ મજાદર ખાતે રામકથા યોજાશ

ગાંધીનગર, તા. ૧૧

પદ્મશ્રી દુલા ભાયા કાગ (ભગત બાપુ)ના સ્મરણાર્થે કાગધામ-મજાદર, જિ. અમરેલી ખાતે મોરારી બાપુની વ્યાસપીઠે રામકથા યોજવામાં આવશે. તા. ૨૧ થી તા. ૧ માર્ચ દરમિયાન કથા યોજાશે. કથા દરમિયાન વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવશે. તા. ૨૨ રવિવારે સાંજે ૬.૦૦ વાગે પદ્મશ્રી દુલાભાયા કાગ એવોર્ડ વિતરણ સમારોહ યોજાશે. તેમજ તા. ૨૩ થી ૨૭ દરમિયાન સાંજે ૬.૦૦ થી ૮.૦૦ વાગે દરરોજ ડાયરાની મોજ ગુજરાતના જાણીતા કલાકારો કરાવશે. કથા વીટી પરિવાર મહુવાના ચીમનભાઈ વાઘેલા અને પ્રવિણભાઈ વાઘેલાના યજમાન પદે યોજાશે. કાગબાપુ પરિવાર અને મજાદર સમસ્ત ગામ તેમજ સમગ્ર અરણ સમાજે કથામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

સાયન્સ ટ્રેનની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૧

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૨૫૦ વિદ્યાર્થીનીઓએ સાયન્સ એકસપ્રેસ ટ્રેનની મુલાકાત લીધી હતી. ટ્રેનમાં વિજ્ઞાનને લગતી વિવિધ જાણકારી મુકવામાં આવી હતી તેમજ પ્રયોગો, સુત્રો, ડેમોસ્ટ્રેશન અને જૈવિક વિજ્ઞાનને લગતી જાણકારી મેળવી હતી.

હરિની દૃષ્ટિ...

આપણે સાવરણી લઇને નાટક કર્યા... અને પેલો સાવરણીના ચિન્હ વાળો ફાયદો લઇ ગયો...!!

કેરિયર ખોજ પોર્ટલથી ૧૬ વિદ્યાર્થીની કારકિર્દી બની

કડી વિશ્વ વિદ્યાલય અને કેરિયર ખોજ.કોમ દ્વારા પોર્ટલ બનાવાયું : વિદ્યાર્થી પોર્ટલ પર લોગ ઈન થઈ કારકિર્દી લક્ષી માર્ગદર્શન મેળવી શકશે

ગાંધીનગર, તા.૧૧

હાલના સમયમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા ખુબ જ વધી રહી છે. યુવાનોને રોજગારી એ મોટો પ્રશ્ન થઈ રહ્યો છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કેરિયર ખોજ.કોમ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી ઘડતર માટે ઉપયોગી થાય તે માટે 'કેરિયર ખોજ' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

સેકટર-૧૫માં આવેલ કે.એસ.વી. અને કેરિયરખોજ.કોમ દ્વારા વિદ્યાર્થીઓ માટે પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડતર માટે આ પોર્ટલનો ઉપયોગ કરી શકશે. વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નો લાઈવ વિડીયો તેમજ કોર્પોરેટ સિનેરીઓ અને પ્રેકટીસ કેવી રીતે કરવી તેની માહિતી મેળવી શકશે.

કેરિયર ખોજ પોર્ટલનો ઉપયોગ કરવા વિદ્યાર્થીઓએ કેરિયર ખોજ.કોમ પર લોગ ઈન કરી પોતાના અભ્યાસને લગતી માહિતી મેળવી શકશે ત્યારે કડી વિશ્વ વિદ્યાલય સંચાલિત બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ આજે આ પોર્ટલનો ઉપયોગ કર્યો હતો. ૩૦ વિદ્યાર્થીઓમાંથી ૧૬ વિદ્યાર્થીઓ આ પોર્ટલના સહયોગથી પસંદગી પામ્યા છે.

પ્રથમ તબક્કામાં ગ્રૂપ ડિસ્કશન, બીજા ગ્રૂપમાં પર્સનલ ઈન્ટરવ્યુ અને ત્રીજા ગ્રૂપમાં લાઈવ પ્રોડકટ ડેમો વિદ્યાર્થીઓ સમક્ષ કરવામાં આવ્યો હતો. પોર્ટલ દ્વારા વિદ્યાથીઓના કૌશલ્યોની ચકાસણી કરી પસંદગી કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. રમાકાન્ત પુષ્ટી, ડૉ. જયેશ તન્ના, માર્ગી દેસાઈ અને આશિષ ભુવા ઉપસ્થિત રહ્યા હતાં.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એસ.સી. (આઇ.ટી.), એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ અને એલડીઆરપીઆઈટીઆર કેમ્પસ (એમસીએ) વિભાગ દ્વારા નેશન્સલ ટેકનિકલ ફેસ્ટ લા-કોમ્પાસ - ૨૦૧૫નું આયોજન તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી સંચાલિત પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થી જય મેરજા અને પલક પટેલે ૫૦૦ ફોરચ્યુન નામની સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા બન્યા હતા. આઇટી ઇવેન્ટમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરતાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, પત્રકારત્વ વિભાગના કો-ઓર્ડિનેટર શ્રી કૃષ્ણકાન્ત જહા અને ફેકલ્ટી મિતેષ મોદીએ અભિનંદન પાઠવ્યા હતા.

જીઆઈપીએસમાં વેજીટેબલ ડે ની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ પ્રિ-પ્રાયમરી સેકશનના નાના ભૂલકાંઓએ ઉત્સાહભેર વેજીટેબલ ડે ની ઉજવણી કરી હતી. જેમાં નાના ભૂલકાંઓએ જુદા જુદા પ્રકારના વેજીટેબલની ઓળખ આપી હતી. અને વેજીટેબલને અનુરૂપ નાટક, નૃત્ય અને ઉખાણાં પ્રદર્શિત કર્યા હતાં. શાળાના પ્રિપ્રાયમરી સેકશનના શિક્ષક અરુણા પુનિયાની તથા ઈન્દિરા નિર્વાણના સંચાલન હેઠળ કાર્યક્રમનું આયોજન થયું હતું. પ્રિ પ્રાયમરીના કોર્ડિનેટર દિપીકા ગુજરાતી મેડમના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ ખુબ જ ઉત્સાહ તથા આનંદભેર યોજાયો હતો.

વડતાલ સંસ્થાનમાં ભવ્યાતિભવ્ય ઉજવાયેલો શ્રીહરિકૃષ્ણ મહારાજ મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૧

તોજતરમાં વડતાલ સ્થિત શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ-૩, ૩૦ જાન્યુઆરી શુક્રવારથી તા. ૩ ફેબ્રુઆરી મંગળવાર દરમ્યાન ભવ્યાતિભવ્ય રીતે, અતિ સુરમ્ય વાતાવરણમાં દબદબાભેર પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજ રાકેશ પ્રસાદજીના અધ્યક્ષપદે ઉજવાયો હતો. મહા મહોત્સવનું સફળ આયોજન વયોવૃદ્ધ ૯૨ વર્ષના પૂ. ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીની પ્રખર આયોજન શક્તિથી સંતો ભક્તો અત્યંત પ્રભાવિત થયા હતા.

વડતાલ પીઠાધિપતિ શ્રી રાકેશ પ્રસાદજી મહારાજ તથા પૂ.અ.ગુ. ધ્યાની સ્વામીજી તથા વડતાલ, ગઢપુર, જૂનાગઢ અને ધોલેરા ધામના અગ્રણી સંતો દ્વારા મહોત્સવનું શુભ ઉદ્ઘાટન તા. ૩૦-૨-૨૦૧૫ના સવારે ૮.૩૦ કલાકે થયું. ૯.૧૫ કલાકે દીપ પ્રાગટ્ય બાદ મંગળ પ્રવચન પૂ. ધ્યાની સ્વામીજી તથા રાજકોટ ગુરૂકુળના મહંત સ્વામીશ્રી દેવકૃષ્ણદાસજીએ કર્યું.

આ શુભ પ્રસંગે સત્સંગીજીવન જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલુ હતુ. જેમાં પૂ. ધ્યાની સ્વામીજીના સંત શિષ્ય સાહિત્યાચાર્ય શાસ્ત્રી સ્વામી શ્રી સત્સંગભૂષણદાસજી સ્વામી સવારે રોચક શૈલીમાં કથામૃત કરાવતા. જ્યારે સાંજે પોતાની આગવી લાક્ષણિકતાથી ભરૂચના શાસ્ત્રી સ્વામી સર્જૂદાસજી, વડતાલના મુખ્ય કોઠારી સ્વામી પૂ. નિલકંઠ ચરણદાસજી, વડતાલ ટેમ્પલ કમિટીના ચેરમેન શાસ્ત્રી સ્વામી ઘનશ્યામ પ્રકાશદાસજી, છારોડી ગુરૂકુળના પૂ. શાસ્ત્રી માધવપ્રિયદાસજી, કુંડળ ધામના શ્રી જ્ઞાનજીવનદાસજી કથામૃતનું પાન કરાવતા.

મહોત્સવમાં વ્યાખ્યાન માળામાં વડતાલ ધામનો મહિમા શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી, ગઢપૂર ધામનો મહિમા શ્રી હરિપ્રસાદ દાસજી સ્વામી, અમદાવાદ ધામનો મહિમા પૂર્ણપ્રકાશદાસજી સ્વામી, ધોળકા, જૂનાગઢ ધામનો મહિમા ઉનાના શ્રી માધવદાસજી સ્વામી તથા ભુજનો મહિમા ભુજના શા.શ્રી પૂ. દેવચરણદાસજી સ્વામીએ વિવિધ દૃષ્ટાંતો આપી સમજાવી, શ્રોતાઓને રસતરબોળ કર્યા.

આ મહામૂલા મહોત્સવમાં સમૂહ મહાપૂજા, બાલમંચ, યુવામંચ, મહિલા મંચ, ગોમતીજી મહાનિરાજન, શ્રીહરિ અભિષેક, શ્રીહરિ રાજોપચાર સંતમહામંચ અને આચાર્યશ્રીના ભાવપૂજનના ભવ્ય કાર્યક્રમોનું આયોજન થયું હતું. અનેક ફ્લોટ્સ સાથે વિશાળ શોભાયાત્રા પણ નીકળી હતી.

તા. ૧-૨-૨૦૧૫ના રોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમીત શાહ, મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી પૂ. ધ્યાની સ્વામીશ્રીના આયોજનને બીરદાવતા કહ્યું કે, 'પૂ. ધ્યાની સ્વામીજી વચનસિદ્ધ સંતવર્ય છે. તેમના વચનો અને ભવિષ્ય કથન હંમેશા સાચા પડ્યા છે. અને પડવાના છે.' યોગગુરૂ શ્રી રામદેવજી મહારાજે જણાવ્યું કે, 'મને તો પૂજ્ય ધ્યાની સ્વામીમાં જ શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન થાય છે.'

વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકારી આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. પ્રવિણભાઈ તોગડીયાએ ધર્મની આવશ્યકતા પર ગૌ માતાના રક્ષણ પર મનનીય વક્તવ્ય રજુ કરી પૂજ્ય ધાનીસ્વામીશ્રીને બિરદાવ્યા હતા. સભાપતિ તરીકે શાસ્ત્રી સ્વામીશ્રી નૌતમ પ્રકાશદાસજી, શ્રી સંત વલ્લભદાસજી તથા પૂજ્ય ન્યાલકરણદાસજી સ્થાન પામ્યા હતા.

ગુજરાત સરકારના રાજદ્વારી અનેક મહાનુભાવો આમંત્રણને માન આપી પધાર્યા હતા. ઉપરાંત આઈ.એ.એસ., આઈ.પી.એસ. કેડરના અધિકારીઆમાંના કેટલાક અગ્રણીઓ ઉપસ્થિત રહેલા. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સંસદિય સચિવ શ્રી વાસણભાઈ આહિર, વિપક્ષ નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, રાજ્યકક્ષાના મંત્રી શ્રી તારાચંદભાઈ છેડા, ગુજરાત ભાજપના ભરતભાઈ પંડ્યા વગેરે મનનીય પ્રવચનો કરી પૂજ્ય ધ્યાની સ્વામીશ્રીના પરિશ્રમને ખૂબ બિરદાવ્યો હતો.

આશીર્વચન પાઠવતાં પૂજ્ય ધ્યાની સ્વામીશ્રીએ વર્ણવ્યું કે, 'હું તો એક નાનો સાધુ છુ. આ બધો પ્રતાપ તો ભગવાનનો છે. શ્રી હરિકૃષ્ણ મહારાજને રજુ કરવા અને તેઓશ્રીના નામનો ડંકો સમગ્ર જગતમાં વાગતો જ રહે તે માટે જ આ મહોત્સવનું આયોજન કર્યું છે. સમૈયામાં એકાદ લાખ ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

માણસ નામે મહાત્માનું સામાજીકરણ વિરલબાઇ પૂતળીબાઇના સંસ્કાર અહિંસાનો આજીવન મંત્ર બન્યા

સમાજશાસ્ત્રીની દૃષ્ટિએ વ્યક્તિ પોતાના સમાજના વિચારો, માન્યતાઓ, મૂલ્યો અને જીવન પદ્ધતિને આત્મસાત કરી પોતાની તથા અન્ય લોકોની યોગ્ય ભૂમિકાઓની જાણકારી મેળવે છે અને તેના આધારે વ્યક્તિ પોતાની ભૂમિકાઓ ભજવવા તથા અન્ય વ્યક્તિઓ સાથેના વ્યવહાર કરવા માટેની વિવિધ રીતો શીખે છે. આમ વ્યક્તિ કોઇ પણ ભાવિ સામાજિક ભૂમિકા સાથે સંબંધિત જવાબદારી, અધિકારો, અપેક્ષાઓ, મનોભાવો અને વર્તનને શીખવા માટે તથા તે વર્તન માટે તૈયાર થવાની પ્રક્રિયાને સામાજીકરણ તરીકે ઓળખવામાં આવે છે.

આગોતરા સામાજીકરણની એક સૌથી મોટી એજન્સી એટલે કુટુંબ સંસ્થા. વણિકમાંથી વૈશ્વિક બનેલા ગાંધીની સામાજીકરણની પ્રક્રિયાની આ લેખમાં થોડી માંડીને વાત કરવી છે. મનુષ્યની જે વર્તન ઢબ ઉપસે તેમાં તેના કુટુંબના સભ્યોનો ફાળો હોય છે. સામાજીકરણની આખી પ્રક્રિયામાં કુટુંબ મહત્ત્વની એજન્સી છે ત્યારે ગાંધીના કુટુંબમાં કઇ રીતે તેમનું સભ્યો દ્વારા ઘડતર થયું તે આપણે જોઇએ.

ગાંધીના સામાજિકરણમાં પણ દરેક બાળકની જેમ માં નો સવિશેષ ફાળો છે. દુનિયાનો કોઇ પણ બાળક એકડીયા-બગડીયા શીખવા નિશાળમાં બેસે એ પહેલા માતા જ તેને ઘણુંબધું શીખવાડી દેતી હોય છે. બાળ મોહનદાસના કિસ્સામાં પણ આવી જ હકીકત છે.



મોહનદાસ જયારે બાળમંદિરમાં ભણવાની ઉંમરના હતા ત્યારે તેમને હમ ઉમ્ર ગોઠીયાઓ સાથે નાની મોટી તકરાર થતી હતી. અને એમાં કશું ખોટું પણ નથી. છોકરાં તો બાજે ને છૂટા પડે ને ભેગા થઇ જાય. પણ એક દિવસ બાળ ગાંધીએ એના દોસ્તારને માર્યે. માર ખાનાર બાળકની માં મોહનદાસની રાવ લઇને તેમની માતા પાસે પહોંચી. ફરિયાદ કરી. ગાંધીના મા એ પૂછ્યું : 'તે એને માર્યું કેમ? ગાંધીનો જવાબ હતો એણે મને પહેલાં માર્યું.'

ટૂંકમાં મારનારને સામો મારીને અહીં જવાબ અપાયેલો. પણ ગાંધીની માતાએ કહ્યું કોઇ તને મારે અને એના જવાબમાં તું એને મારે તો તારામાં અને એનામાં પછી ફેર જ શું? તું પણ એના જેવો જ કહેવાય ને. આપણે એના જેવું ના કરવાનું હોય. બીજાથી જુદા પડવાનું હોય.

મહાત્મા ગાંધીના વિચારો અને વાતો ઘણી વખત જુદી જુદી રીતે લોક મોંએ સાંભળવા મળે છે. જેમાં ગાંધીની એક વાત કોઇ એક ગાલ પર લાફો મારે તો બીજો ગાલ ધરવાની વાત અવશ્ય હોય છે. પરંતુ ઉપરના પ્રસંગ વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે ગાંધી આવી વાત કરતા હતા કારણ કે સામાજીકરણની એજન્સીના મહત્ત્વના એજન્ટ એવા તેમના માતૃશ્રી પૂતળીભાઇ પાસેથી તે આ સંસ્કાર પામ્યા હતા.

બાળપણમાં આપણે બત્રીસ પૂતળીઓની વાર્તા તો વડેરાંઓ પાસેથી સાંભળી હશે પણ એક પૂતળીભાઇ કે જે બત્રીસ પૂતળીઓની વાર્તામાં પાત્ર તરીકે ક્યાંક નથી. પણ આ પૂતળીભાઇ એ તો જગતના ઇતિહાસમાં એવું પાત્ર પોતાના પીંડમાંથી સર્જ્યું કે આખી દુનિયાએ શાશ્વત વ્યક્તિને સદૈવ નયન ફરતી રહે.

ગાંધીના જીવનમાં સત્ય અને અહિંસાના પાઠ આ રીતે સામાજીકરણ સંસ્કાર વાટે મળ્યા હતા. જેના સહારે દુનિયાને મામસ નામે મહાત્માની અમૂલ્ય ભેટ મળી.

(નોંધ : આ લેખ માળામાં ઘણી વખત ગાંધીજીનો ઉલ્લેખ ગાંધી તરીકે જોવા મળે છે. આચાર્ય વિનોબાજીએ એક પ્રશ્નના ઉત્તરમાં પ્રત્યુત્તર વાળ્યો હતો કે જો એક વ્યક્તિ વિચારતા હો તો તમારે ગાંધીજી કહેવું જોઇએ, એક વિચારક તરીકે જોતા હો તો ગાંધી કહેવું જોઇએ. વિનોબાજીની કથનીને આ લેખક અનુસર્યા છે એમ જાણવું.)

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)